| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬/૧૦/૨૦૨૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬/૧૦/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૧૮ /૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૨ | ૫ | ૨ |

**વિરમગામનાં મહે. એડી. સીવીલ જજ સાહેબની અદાલતમાં,**
**મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

**રેગ્યુલર દિવાની દાવા નં. ૨૧૦/૨૦૨૩**

**આંકઃ–૨૪**

ઉત્તર ગુજરાત વિજ કંપની લી.
નાયબ ઈજનેરની કચેરી,
માંડલ સબ ડીવીઝન,
તા. માંડલ જી. અમદાવાદ

**::: વાદી**

**વિરુધ્ધ**

**ભરતભાઈ કાળુભાઈ ઠાકોર તે**
**મર્હુમ કેશીબેન તલાજીના વીજ કનેકશનના ઉપભોગતા**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી,
રહેવાસી. મુ.પો.કોકતા,તા. વિરમગામ, જી.અમદાવાદ

**::: પ્રતિવાદી**

---

**દાવો :– રૂા.,૯૪,૭૭૫/– વસુલ મેળવવા અંગે.**

---

વાદી તરફે : વિ.વ.શ્રી એ.જે.સથવારા

પ્રતિવાદી તરફે : એકતરફી

---

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે તેમજ વાદી કંપનીની વિરમગામ માંડલ શહેર પેટા વિભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના માંડલમા આવેલ છે.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદી વાદી કંપનીના કોકતા ગામના ગ્રાહક છે અને તેમણે ઘરવપરાશના હેતુ માટે વાદી કંપની પાસેથી વીજજોડાણ મેળવેલ જેનો ગ્રાહક નં.૭૩૮૧૮૧૦૦૬૪૦ છે. આ કામના પ્રતિવાદી વીજવપરાશની રકમ ભરપાઇ કરવામાં ખુબ જ અનીયમીત રહેલ છે. અને તેમનુ વીજવપરાશનુ ખાતુ વાદી કંપનીની માંડલ સબ ડીવીજનની ઓફીસમા ચાલેલ છે. વાદી કંપનીના જવાબદાર અધીકારીશ્રી એ.એ.શેખ તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ સરપ્રાઇઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે સદર પ્રતિવાદીના સ્થળ પર હાજર પ્રતિવાદીના પ્રતિનીધી ભરતભાઇ તલાજી ઠાકોરની હાજરીમા ચેકીંગ કરતા પ્રતિવાદીએ મેઇન મીટરમા આવતી સર્વીસ લાઇન પરથી વધારાના ટુ કોર પીળી સર્વીસ કંપનનીીન હળવા દબાણની વીજ લાઇનના ફેઝ ન્યેટલ સાથે જોડી બીજા છેડે ચેકીંગ કરતા મીટર બાયપાસ ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા રંગે હાથ પકડાયેલા જે સંદર્ભમાં વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સ્થળ ઉપર રોજકામ પણ કરવામાં આવેલ જેમાં ભરતભાઇ તલાજીએ સહી કરેલ અને આ કામનાં પ્રતિવાદીને વીજચોરી અંગે રૂા.૭૯,૫૬૦/- નુ બીલ આપવામાં આવેલ.

વાદી વધુમાં જણાવે છે કે, વાદી કંપની તરફથી પ્રતિવાદીને વીજચોરી

બીલની લેણી પડતી રકમ અંગે વારંવાર કહેવા છતા કોઈ રકમ આજદીન સુધી ભરપાઈ કરેલ નથી. જેથી પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ ગુ.રજી. નં. ૩૨૦૪/૨૦૨૨ થી કરવામા આવેલ છે અને અવારનવાર માંગણી કરી કરાવવા છતા વીજચોરીની લેણી રકમ ભરપાઈ કરતા ન હોઈ પ્રતિવાદીનેતા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ આખરી નોટીસ આપેલ ત્યારબાદ તા.૧૭/૦૫/૨૦૨૩ ના રોજ તથા તા.૨૦/૦૭/૨૦૨૩ ના રોજ લીગલ નોટીસ આપેલ તેમ છતા નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ કાંઈ રકમ પણ વસુલ આપેલ નથી.

જેથી આ કામના પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલ તે અંગે વાદી કંપની તરફથી આપવામાં આવેલ વીજચોરીના બીલની રૂા.૭૯૭૫૭/– તેમજ  તે ઉપર તા.૩૦/૪/૨૩ સુધીના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા. ૧૪૯૧૮/– મળી કુલ રૂા.૯૪,૭૭૫/–નુ લેણુ પડે છે જે વસુલ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજ જોડાણના ઉપયોગ ઉપભોગ કરવાનુ શરુ કર્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ વીજ ચોરી કરતા પકડાયા ત્યાર થી અને તે અરસાથી તેમજ તે અંગે તેજ તારીખે બીલ મોકલેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ પોલીસ ફરીયાદ આપી ત્યારથી અને તે જ અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ આખરી નોટીસ આપી તથા તા. ૧૭/૫/૨૦૨૩ ના રોજ તથા તા.૨૦/૦૭/૨૦૨૩ ના રોજ ના રોજ પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી લીગલ નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ કામનાં પ્રતિવાદી પાસે વાદી કંપની વીજ ચોરીના બીલ સહીતનુ રૂા. ૭૯૭૫૭/–ની રકમ તથા તે ઉપરના તા.૩૦/૪/૨૩ સુધીના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા.૧૪૯૧૮/–મળી કુલ રૂા.૯૪૭૭૫/–નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત તારીખ ૦૧/૦૫/૨૦૨૩થી ૧૮% પ્રમાણેના

વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત–મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણ સરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી હાજર રહેલા ન હોય જેથી સદરહુ દાવાની કાર્યવાહી પ્રતિવાદી વિરુધ્ધ એકતરફી ચલાવવાનો તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરવામા આવેલ છે.

(૩) સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: મૌખિક પુરાવા :–**

| ક્રમ. | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ નરેશભાઇ રમેશભાઇ પારેખનું પુરાવાનું સોગંદનામું. (નાયબ ઈજનેર, વિરમગામ ટાઉન સબ ડીવીઝન) | ૦૯ |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ. | **દસ્તાવેજ.** | **આંક** |
|---|---|---|
| ૧ | ગ્રાહકનુ નિવેદનની ઓફીસ કોપી | ૧૧ |
| ૨ | વીજચોરીના બીલ | ૧૨ |
| ૩ | એનેક્ષર સી ની શીટ | ૧૩ |
| ૪ | પુરવણી બીલ | ૧૪ |
| ૫ | એકનોલેઝમેન્ટ | ૧૫ |
| ૬ | પ્રતિવાદી સામે વીજચોરી અંગે કરેલ પોલીસ ફરીયાદની નકલ | ૧૬ |
| ૭ | પ્રતિવાદીની આપવામા આવેલ આખરી નોટીસ | ૧૭ |
| ૮ | પ્રતિવાદીની આપવામા આવેલ લીગલ નોટીસ | ૧૮,૧૯ |
| ૯ | એકનોલેઝમેન્ટ | ૨૦ |
| ૧૦ | પ્રતિવાદીના ખાતાનો ઉતારાની નકલ | ૨૧ |

(૪) ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય

આંક– ૨૨થી પુરાવો પુરો થયાની કલોજીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૫) સદર દાવાનાં કામે વાદી તરફે આંક–૨૩ થી લેખિત દલીલો રજુ કરેલ છે.જેમાં તેઓએ પોતાની દાવા અરજીની હકીકતોને સમર્થન કરેલ છે અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને પણ સમર્થન આપેલ છે અને સદર દાવો ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેમજ નામદાર કોર્ટની હકુમતમાં છે.પ્રતિવાદીએ વીજ ચોરીના બિલની રકમ ચુકવેલ નથી કે નોટીસનો જવાબ આપેલ નથી. જેથી દાવા અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક–૦૬ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદા ::–**

1. Whether the plaintiff Board proves that the defendant Has commited theft of eletric energy and therefore the board is entited to recover Rs.94775/- including of delay payment charges **?**
2. Whether the plaintiff is entitled to get Interest **?** If Yes, at what rate **?**
3. Whether the suit of the plaintiff is barred by any provision of low**?**
4. Whether the plaintiff is entitled to get relief as prayed for **?**
5. What Order and Decree**?**

**(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.**

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. હકારમાં

૪. નકારમાં

૫. આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૦૬ ના મુદાઓ સંબંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરું છું.

**–:કારણો:–**

**મુદ્દા નં. ૧ અને ૨.**

(૮) આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી લેણી પડતી વીજ વપરાશની રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૦૯ થી નાયબ ઈજનેર, નરેશભાઇ રમેશભાઇ પારેખનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસે ગણ તરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. સદરહું સોગંદનામાની હકીકતને પ્રતિવાદી ધ્વારા પડકારવામાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ પડકારવામા આવી નથી. ત્યારે કાયદાનાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ પ્રતિવાદીને હકીકતો સ્વીકાર્ય છે તેમ માનવાનું રહે છે. જો કે વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૧૧ થી આંક–૨૧ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. આંક–૧૧ થી સ્થળ રોજકામ રજુ થયેલ છે. જેમાં ગ્રાહકનાં નામમાં કેશીબેન તલાજી ઠાકોરનુ નામ દર્શાવેલ છે. આ કામનાં પ્રતિવાદીને ત્યાં તા.૧૦/૦૫/૨૦૨૨ નાં રોજ વીજ ચેકીંગ કરવામાં આવતા, " ચેકીંગ દરમ્યાન સદર વ્યકિતનાં મકાનની બાજુમા રહેલ હળવા દબાણની વીજ લાઈન ના થાંભલા પરથી પ્રાઈવેટ વાયરથી વીજલાઇના ન્યુટલ ફેઝ સાથે જોડી બીજો છેડો આકૃતીમા દર્શાવ્યા મુજબ લોડસાથે જોડી મીટર બાયપાસ કરી બિન–અધિકૃત રીતે વીજ વપરાશ કરતા રંગેહાથ ઝડપાયેલ છે. " જે સ્થળ રોજકામ જોતા તેમાં ચેકીંગઅધીકારીની સહી તેમજ ભરતભાઇ કાળુભાઇ ઠાકોરનાએ સહી કરેલ. પરંતુ સદર રોજકામમા કર્મચારીઓની સહી નથી. તથા આંક–૧૨ થી પાવર ચોરીનું બીલ રજુ કરવામાં આવેલ છે. જેમા કુલ બાકી નીકળતી રકમ રૂ.૭૯૫૫૯.૬૯ પૈસા દર્શાવેલ છે. જે રકમમા

ફીકસ ચાર્જ પેટે રૂા.૪૧૫.૩૩ પૈસા, એનર્જી ચાર્જ પેટે રૂા.૪૯૬૫૨.૪૭ પૈસા, ફ્યુઅલ ચાર્જ પેટે રૂા.૨૩૯૪૧.૨૦ પૈસા, ઈ.ડી ચાર્જ પેટે રૂા.૫૫૫૦.૬૯ પૈસા દર્શાવેલ છે. જયારે મીનીમમ ચાર્જ, રીએકટીવ ચાર્જ, મીટર ચાર્જ, ડીપીસી, પ્રોવીઝનલ બીલમા કોઈ રકમ દર્શાવેલ નથી. આમ વાદી કંપનીએ પ્રતિવાદીને કુલ રૂા.૭૯૫૫૯.૬૯ પૈસા લેખે વીજચોરી અંગે બીલ આપેલ છે. જે બીલમાં કેશીબેન તલાજી ઠાકોરનુ નામ, બીલની કુલ રકમના કોલમમાં રૂા.૭૯૫૫૯.૬૯ પૈસા દર્શાવેલ છે. જે બીલમા ડેપ્યુટી એન્જીનીયરની સહી છે.  આંક-૧૩ થી એનેક્ષર-સીની શીટ રજુ છે જેમા ગ્રાહકના નામમા કેશીબેન તલાજીનુ નામ જણાઇ આવે છે આંક-૧૪ થી પુરવણી બીલ રજુ છે જે કેશીબેન તલાજી ઠાકોરના નામજોગ છે જેમા બીલની રકમ પણ દર્શાવવામાં આવેલ છે.  જે બીલમાં નાયબ ઈજનેર, યુ.જી.વી.સી.એલ. નાઓની સહી છે. પરંતુ ભરતભાઇ કાળુભાઈનુ નામ જણાઈ આવતુ નથી. આંક-૧૫ થી એકનોલેઝમેન્ટ રજુ છે. આંક-૧૬ થી વીજચોરીની એફ.આઈ.આર. રજુ છે જેનો ગુ.ર.નં.૩૨૦૪/૨૧ છે. જેમા જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.ના સહી સીકકા છે.જેમા તહોમતદારના નામમા કેશીબેન તલાજી ઠાકોર સી/ઓ ભરતભાઇ કાળુભાઈનુ નામ દર્શાવેલ છે તેમજ તેમા વીજચોરીની રકમ પણ દર્શાવેલ છે તેમજ તેમા જી.યુ.વી.એન.એલ.ના સહી સીકકા છે.આંક-૧૭થી પ્રતિવાદીને આપવામાં આવેલ આખરી નોટીસ રજુ છે જે કેશીબેન તલાજી ઠાકોરના નામ જોગ નોટીસ છે. જેમા વીજચોરીની રકમનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમા નાયબ ઈજનેર યુ.જી.વી.સી.એલ.ની સહી છે તેમજ તેમના નામ જોગ નોટીસ તેમના સરનામે મોકલવામાં આવેલ છે. પરંતુ તેમા ભરતભાઇ કાળુભાઈનુ નામ દર્શાવેલ નથી.  સદર કામે આંક-૧૮ થી લીગલ નોટીસ રજુ છે જે કેશીબેન તલાજી ઠાકોરના નામે તેના સરનામે મોકલવામામ આવેલ છે વધુમાં સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે કે તેમા વીજચોરી બીલના રૂા.૭૯૮૫૬.૯૮ પૈસા ની રકમ દર્શાવેલ છે અને વધુમા સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે કે કંપનીના નીયમ અનુસાર તેમા વિલંબીત ચુકવણી ચાર્જ સાથે કુલ રૂા. ૯૪૭૭૫.૧૯ પૈસા દર્શાવેલ છે પરંતુ સદરહુ

વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નીયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી.આંક–૧૯થી લીગલ નોટીસ રજુ છે જે ભરતભાઇ કાળુભાઇના નામજોગ આપવામા આવેલ છે. જેમા નાયબ ઇજનેરની સહી છે. આંક–૨૦ થી એકનોલેઝમેન્ટ રજુ છે જેમા પ્રતિવાદીના પ્રતિનીધીની સહી છે. આંક–૨૧ થી વાદી કંપનીના લેઝર પરથી પ્રતિવાદીના વીજવપરાશના ખાતાની ખરી નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા જેમા કન્ઝમ્યુનર તરીકે કેશીબેન તલાજી ઠાકોરનુ નામ દર્શાવેલ છે. પરંતુ તેમા ભરતભાઇ કાળુભાઇ ઠાકોરનુ નામ જણાઇ આવતુ નથી.

પરંતુ આ કામે આંક–૧૧ થી રજુ સ્થળ રોજકામ જોતા તેમા ગ્રાહકના નામમા કેશીબેન તલાજીનુ નામ દર્શાવેલ છે અને સદર ભરતભાઇ કાળુભાઇ તેમના રહેણાંક મકાનમા વીજચોરી કરતા પકડાયેલ હોવાનુ જણાવેલ છે અને ચેકીંગ અધિકારીશ્રીની સહી છે પરંતુ સદર કામે સ્થળ રોજકામમાં અન્ય કર્મચારીઓની હાજરીમા કરેલ હોય તે બાબતે કર્મચારીઓની કોઈપણ જાતની સહી સ્થળ રોજકામ જોતા જણાઇ આવતી નથી. સદર રોજકામમા પ્રતિવાદીની સહી છે. જેથી સદર કામે રજુ કરવામા આવેલ સ્થળ રોજકામની નકલ પુર્ણ ન હોવાનું જણાઈ આવે છે. જેથી તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ ચેકીંગ અધિકારી દવારા પ્રતિવાદીના રહેણાંક મકાનમા કોઈ ચેકીંગ કરવામાં આવેલ છે કે કેમ તે અંગે પુરતો પુરાવો જણાઈ આવતો નથી. આ કામે રજુ કરવામાં આવેલ લેજરનો ઉતારો જોવામા આવે તો પણ તેમાકેંશિબેન તલાજીનુ નામ દર્શાવેલ છે.આમ હાલના **પ્રતિવાદી ભરતભાઇ કાળુભાઇ ઠાકોર** વિજ ચોરી કરતા હોય કે તેમણે કરેલ વિજ ચોરીના કારણે વાદીની લેણી રકમ બાકી હોય તે દર્શાવતા કોઈ દસ્તાવેજી આધાર વાદી તરફે રજુ થયેલ નથી કે તેઓ ઉપભોકતા હોય તે દર્શાવતા કોઈ દસ્તાવેજી આધાર વાદી તરફે રજુ થયેલ નથી. આમ, આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમા ભરતભાઇ કાળુભાઇ ઠાકોરનુ નામ જણાઈ આવતુ ન હોય, જેથી સદર કામે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતા વાદી કંપની હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ મેળવવા હકકદાર ન હોવાનું જણાય આવે છે.

**(૦૯)** સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૯૪૭૭૫/– ૧૮ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા ઘવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ વાદી કંપની દવારા રજુ થયેલ ઉપરોકત દસ્તવોજી પુરાવાથી આ કામના વાદી પ્રતિવાદી પાસે રૂા. ૯૪૭૭૫/– મેળવવા હકકદાર રહેતા નથી. આથી મુદા નં. ૧,૨ અને ૪ નો જવાબ 'નકારમાં' તથા મુદા નં. ૩ નો જવાબ હકારમાં આપી, મુદા નં. ૫ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) આ કામનાં વાદીનો દાવો નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દાવા અંગેનો ખર્ચ બંને પક્ષકારોએ પોત પોતાની રીતે ભોગવવાનો રહેશે.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ: ૧૮ મી, માહે: માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વિરમગામ

તા. ૧૮/૦૩/૨૦૨૬

(કીર્તી શર્મા)
Judge Code–GJ 01721
અધિક સીવીલ જજ,વિરમગામ

Ms.P.A.Parmar (P.A.)